ફેબ્રુઆરી–૨૦૧૭

અંક – ૨

# અરુણોદય



GMDC
FUELING THE GROWTH


## સંપાદકીય બોર્ડ

- એચ.ડી.પઢેરીયા
- એ.આર.ડાભી
- વી.જી.રાઠોડ
- કુ.યુ.એમ.ભટ્ટ
- એમ.એમ.ઠક્કર


## અનુક્રમણિકા


— India : A Democracy

— હાય રે! કાળુ નાણું

— યુવા દિવસના સંસ્મરણો

— આનંદ મેળોના સંસ્મરણો

— ૨૬મી જાન્યુઆરીના સંસ્મરણો

— વાતો નાની પણ મહત્વ મોટું

— નમ્રતા - માનવનું આભુષણ

— તે તુ છે?

— જાન્યુઆરી માસમાં નિવૃત થતા કર્મચારી

Rekhaben j. chanchu
Sec. Teacher(Eng. Medium)



## India : A Democracy

We celebrate Re-Public day on 26th January. It is the question Why do we celebrate 26th January as a Republic day? Why was the constitution came in force on 26th January, while it was passed on November 26,1949 by constituent assembly ?

*Reason*: for the demand of complete independence Gandhiji and other congress leaders passed the resolution in the open session by the midnight of December 31,1929. Then on January 26,1930 congressmen took an oath to fight for complete independence and on that day first time our tri-colour flag was hoisted. From that day every year 26th January was celebrated as an independence day by congress leaders. So to make this day memorable constitution was implemented on 26th January 1950.

Our nation is democratic nation. Democracy is defined as "Government for the people, of the people and by the people."But in real sense we can't enjoy democracy. In India literacy rate is low, Where there is low literacy rate people are not aware of their rights and they become the victim of exploitation by politicians. our government is not for the People but for the power where opposition parties are quarrelling only to get power. They are interested to blame each other not in development of nation. Infact, Today India is in a state where democracy is "Royalty of politicians at cost of people". After 69 years of independence we have not attained freedom in real meaning because still we are suffering from evils like Corruption, Terrorism, Dishonesty, black money etc. Corruption is big evil which gives rise to inflation. Inflation gives rise to other social evils.

To be free from these evils we need to follow Gandhiji's ideology of non-cooperation which means not to co-operate any evil. Gandhiji started non co-operation movement and he opposed British not because they were foreigner but he opposed unjust policy of British. British exploited India because they were foreigner but it is our bad luck that though being Indians, our politicians exploit our mother land. Gandhiji drived out British from India by non-cooperation movement. Today we need such a strong person like Gandhi who can organize non-cooperation movement and remove corruption and other evils from India , who can establish true democracy in India

## હાય રે ! કાળુ નાણું

જીહા જીહા કરતાતા પ્રજાનું શોષણ કરતા હતા,
એવા આપણા નેતાઓ ભ્રષ્ટાચારની આંગળી ઝાલતાતા,
મસલતો કરવી, વાતો કરવી, ભાષણબાજી કરતાતા,
ડીમ ડીમ એમના કામ હતા પણ મોટા મોટા વચનો આપતાતા,
સીમા મૂ કીહતી એમણે ગરીબોના શોષણ કરવામાં,
લીધોતો આ દેશને ભરડામાં કાળાબજારના,
જ્ઞાની (જ્ઞાની) એવાતો નેતાઓ પ્રજાને ઉલ્લુ બનાવતાતા,
ઇટોથી ચણાયો છે પાયો કાળા બજારની ઇમારતનો,
ટક્કર આપવી એ ઇમારતને મોદીનો પડકાર જો,
પ્રોજેક્ટ હતો શરૂઆતનો પાકિસ્તાનને સર્જીકલ સ્ટ્રાઇકનો,
જે હતુ અભિમાનમાં છીનવી ભારતના કાશ્મીરને પછી
કરી બંધ ચલણી નોટો લીધો ભ્રષ્ટાચાર ને બાનમાં ,
ટકવું થયું ભારે હવે ભારતમાં કાળા નાણાને.

રે ! રે ! ભીડ પડી નોટોની આફત આવી જનતા પર,
ખાલી થઇ ગયા એ.ટી.એમ. ને લાઇનો લાગી બેંક્માં.
બેઇમાનીની નોટો રળ્યા હવે બાવરા બન્યા બેચેનીમાં
નથી રખાતી ઘરમાં નોટો કે નથી અપાતી બેંકમાં,
જે રળ્યા નિતીની નોટો તેઓ સૂતા ચેનમાં.
ચારે તરફ લાઇનો બેંકમાં થાક્યા ઉભા રહી લાઇનમાં . છતાં
ચુપ થઇને સહેછે લોકો તોયે આશ છે ક્રાંતિની નવી સરકારમાં.

તા. ૧૨/૦૧/૧૭ ના રોજ યુવા દિવસ નિમિતે શ્રી એસ.કે.વી. વિધાલય ખાતે મેરેથોન દોડનું આયોજન કરેલ જેની શરૂઆત શ્રી આર.કે.દાસ સાહેબ તથા અધિકારીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.









# યુવા દિવસ











તા. ૧૨/૦૧/૧૭ ના રોજ યુવા દિવસ નિમિતે શ્રી એસ.કે.વી. વિધાલય અને જીએમડીસી લિગ્નાઇટ ક્લબે સંયુક્તરીતે આનંદમેળા નું આયોજન કરેલ . આ આનંદમેળાનું ઉદ્ઘાટન લિગ્નાઇટ પ્રોજેક્ટ - પાન્ધ્રો ના જનરલ મેનેજર(પ્રોજેક્ટ) શ્રી આર.કે.દાસ સાહેબ દ્વારા કરવામાં આવેલ.





















# આનંદ મેળો





# ૨૬મી જાન્યુઆરી ની ઉજવણી



















# વાતો નાની પણ મહત્વ મોટું

પ્રકાશ બી. પ્રજાપતી
ઉ.મા.શિક્ષક

એવું કહેવાય છે કે **Big things come in small packages.** નેપોલિયન બોનાપાર્ટ કદમાં ખૂબ નાના હતા પણ યુરોપના ઇતિહાસમાં પોતાની છાપ મૂકી ગયા. **Computer** ની માઇક્રો ચિપ દેખાય કેટલી નાની ? પણ કામ કેટલું મોટું કરે ? તેમ છતાં દૈનિક જીવનમાં નાની નાની વાતો આપણને મહત્વપૂર્ણ લાગતી નથી. પણ સમય જતાં એ બધી વસ્તુઓનું હાર્દ સમજાય.

## વ્યવહારમાં નાની નાની વાતોનું મહત્વ

* એક નાનકડી ચાવી મોટી મોટી ઇમારતોની સુરક્ષામાં મહત્વનો ભાગ ભજવે છે.
* બંદૂકની નાની ગોળી શું ન કરી શકે ?
* નાના નાના નટ બોલ્ટ ઉપર મોટું મશીન ઊભું રહી શકે.
* નાની આંખોમાં આખું વિશ્વ સમાઇ શકે.
* અડધી મિનિટથી ટ્રેન ,બસ કે પ્લેન ચૂકીજઇએ તો અગત્યનાં ઇન્ટરવ્યું કે મિટીંગ ચૂકીજવાય.
* અણું કેટલો નાનો પણ તેને ફોડવામાં આવે તો જબરજસ્ત તાકાત પેદા થાય.
* એક ગુણ(માર્ક) થી વિધાર્થી નાપાસ થઇ શકે અથવા તેની કારકિર્દી પર અસર પડે.
* થોડું મીઠું રસોઇમાં ભૂલીજઇએ તો ?
* માણસના મગજનું કદ તેના શરીરની સરખામણીમાં ખૂબ નાનું છે છતાં અગત્યના બધા કામ કરે છે.
* અતિશય નાના બેકટેરિયા , વાયરસ માણસનું મૃત્યું નોતરી શકે.

## જીવન વિષયક નાની નાની વાતો

* એક નાનકડો વિચાર કે ઘટના જો માણસ શીખે તો જીવન પરિવર્તન થઇ જાય. જેમ કે ગાંધીજી ,વાલિયો લૂંટારો
* એકાદ સારા મિત્રનો સંગ જીવન બદલી નાંખે .
* રોજ નિયમિત અભ્યાસ કરવાની ટેવ માણસને મહાન બનાવે. જેમકે શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા
* નકારાત્મક વિચાર માણસનો જીવ જોખમમાં મૂકેદા.ત. છાતીમાં દુ:ખાવો. માણસ વિચારે કે હવે હું જીવી શકીશ નહિ. તો તે વિચાર જીવલેણ પણ બેને.
* સારો વિચાર મળવાથી વિપરિત કાળમાં પણ સારું જીવન જીવવાની ધગશ નિર્માણ થાય.

તેથી જ તો નાની નાની વાતો તરફ બેધ્યાન ન રહીએ તો જીવન સુંદર બનશે, ખીલી ઊઠશે.

તેથી જ કહેવાય છે ને કે ફક્ત યોગ્ય આહારથી જ જીવન ટકી શક્તું નથી યોગ્ય વિચાર પણ એટલોજ જરૂરી છે. આજે આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે. કારણ યોગ્ય વિચારનો અભાવ માણસના વિચારમાં અભિમન્યુ જેવા જુસ્સો જોઇએ.

ખરું કહેવાયું છે કે ...........

" મોતની તાકાત શી મારી શકે, જીદગી તારો ઇશારો જોઇએ,
જેટલે ઊંચે જાવું ઓ માનવી, તેટલા ઉન્નત વિચારો જોઇએ."



# નમ્રતા - માનવનું આભુષણ



અંગ્રેજી માં કહેવત છે: Man is known by his virtues. માનવ ગુણોથી જ શોભે છે.

આજે કળિકાળમાં માનવ ગમેતે જગ્યાએ માથું નમાવતો રહેલો છે તેવા સમયે નમ્રતા સમજવી અનિવાર્ય છે.

" नमन नमन मैं फर्क है, बहुत नमे नादान" ' નમે તે સૌને ગમે' , આ જ્યારે Policy તરીકે, ફાયદા તરીજે , સ્વાર્થ તરીકે વપરાય ત્યારે નમ્રતા સમજવી જ રહી. નમ્રતા એટલે નબળાઇ નહિ , લાચારી નહિ, તો પછી કોને કહીશું નમ્રતા ?

**નમ્રતા એટલે શું ?**

ઠેકાણે મન, બુધ્ધિ અને ઇન્દ્રિય સંપૂર્ણતએકા થઇ જાય ને મસ્તક નમે તે એટલે નમ્રતા. મારે ક્યાં નમવાનું ? દેવ, ગુરૂ અને માતા પિતા જેવા સમર્થ અને યોગ્ય પાત્રને જ મારા નમસ્કાર થવા જોઇએ, તો જ આપણામાં નમ્રતા આવી ગણાય નમ્રતા શ્રેષ્ઠ આભુષણ છે.

નમવું એટલે કેટલું, કેવું અને કયા ? નમવું એ મહત્વનું છે વેપારી ગ્રાહકની, નોકરિયાત સાહેબની વિધાર્થી શિક્ષકની, મજુર માલિકની કે પ્રજા નેતાની ખુશામત કરે તે નમ્રતા નથી .

**દષ્ટાંત -**

આપણે ઘણીવાર એવા ખૂબ સફળ માણસો જોઇએ છીએ જે વિદ્વાન હોય, ખ્યાતનામ હોયા છતાં સામાન્ય માણસને તે સહજતાથી મળતા હોય. જેમકે લેનિન એકવાર સભામાં તેઓ વકતવ્ય આપવાનાં હતાં તો સ્ટેજ પરથી સુચના બોલવામાં આવી કે હવે લેનિન સમૂહને સંબોધન કરશે, ત્યાં તો લેનિન પાછળ બેઠેલા બધા કામદારોની વચ્ચેથી ઊભા થઇને આગળ આવે છે. તો ખરેખર આવી વ્યક્તિને જોઇને હૃદયથી આદરભાવ નિર્માણ થાય.

**નમ્રતા વગર જ્ઞાન પચે નહિ :-**

નમ્ર વ્યક્તિ જ ખરો જિજ્ઞાસુ હોઇ શકે નમ્ર વ્યક્તિ ઉત્કટતાથી મળેલું જ્ઞાન સમજી શકે જેમકે અર્જુનતે નમ્ર હતો અને તણે શિષ્યત્વ સ્વીકાર્યું તેથીજ ભગવાન શ્રીકૃષ્ણએતેને વિશ્વરૂપ દર્શન કરાવ્યું

**વિધાર્થી જીવનમાં નમ્રતા ની આવશ્યકતા :-**

વિધાર્થી નમ્ર બનેતો જ તે જીવનોપયોગી વિધા પ્રાપ્ત કરી શકે . આપણે ત્યાં કહેવત છે ને કે : 'ઘડો વાંકો વળે તો જ ભરાય '. નમ્રતાપૂર્વક ગુરુની આજ્ઞાનું પાલન કરે તો વિધાર્થીનું જીવન તેજસ્વી બનેપોતાના અવશ્ય ગુરૂનું પ્રતિબિંબ પડે

**નમ્રતાના દર્શન :-**

* વૃક્ષ ઉપર જ્યારે ફળ આવે ત્યારે વૃક્ષ ફળોથી લચી પડે છે ડાળીઓ વાંકી વળે છે.
* ચંદ્ર માનવને શીતળતા આપતો રહેલો છે
* સૂર્ય ઉષ્મા અને પ્રકાશ આપતો રહેલો છે
* નદી પોતે પાણી પીતી નથી પણ પરમાર્થ કાજે વહ્યા કરે છે.

આ કુદરતી તત્વોમાં આપણને નમ્રતાનાં દર્શન થાય છે તો શું માનવા પોતાના જીવનમાં નમ્રતા લાવી ઉન્નત ન બની શકે ?

સોક્રેટિસ કહે : હું એરિસ્ટોટલનો, એરિસ્ટોટલ કહે : હું પ્લેટોનોશંકરાચાર્ય કહે હું ગોડપાદાચાર્યનો શિવાજી કહે હું રામદાસનો કેટલી દિવ્ય નમ્રતા ?

અરે,

" નમ્રતાથી સૌ કોઈ રીઝે , નમ્રતા ને મોટામાન,
નમ્રતાથી સાગર રીઝે , છોડી ઊંચા સ્થાન "

કોઇ કહે છે કે વર્તમાન મહોલમાં જ્યાં ભ્રષ્ટાચાર ની બોલબાલા છે ત્યાં નમ્ર થઇને ચાલવું એ અશક્ય છે. તો વળી કોઇ કહે કે નમ્રતા એ કાયરતાની નિશાની છે. પરંતુ વાસ્તવમાં નમ્રતા એ કાયરતા નથી. એ તો વ્યક્તિને શાંતિ , સહનશીલતામ, શક્તિ અને ઊર્જાની પ્રાપ્તિ કરાવે છે. નમ્રતા લાવ્યા વગર માનવ બીજા ગુણો ધારણ કરી શકતો નથી. આપણે પણ સૌ માનવો મન અને બુધ્ધિ જેવાં દિવ્ય શસ્ત્રો જે ઇશ્વરે આપ્યાં છે તે થકી આપણા જીવનને દિવ્ય બનાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરીએ અને નમ્રતા કેળવીએ

કુ. એન. વી. સોરઠિયા
ઉ. માધ્ય. શિક્ષક

મંજુલા એચ. મોહતા
પ્રાથમિક શિક્ષક

# તે તું છે?



પરમાત્માની પ્રિયસખી મા- ભારતી તે તું છે.
અહિંસા છે તે તારું સૌભાગ્ય તિલક છે.
સત્યના સૂત્રમાં પરાવાયેલ પ્રેમ – કરૂણા  મંગળ સૂ ત્રછે?
પર્વતરૂપી અંબોડામાં ધવલ શિખરોની વેણી છે.
સરરર કરતાં નદી – ઝરણાં તારાં વસ્ત્રાલંકાર છે.
લીલો વનસ્પતિ વિસ્તાર તારું મહાવસ્ત્ર છે.
ઝળહળતો સૂર્ય તારા માથાનો મુગટ છે.
સ્થાને  સ્થાને વસતાં તીરથ એ તારા ઉપહાર છે.
સાગરની ગર્જના ધ્વનિ તારા ઝાંઝરનો ઝણકાર છે.
પૂ ર્વપશ્ચિમનો વાયરો તારાં વિંઝણહાર છે.
શીશથી    સૂ ર્યઉગે ચરણ શરણમાં આથમે-
કન્યાકુમારીમાં     ચરણ , નિત્ય માનવવ્યાં નમે.
ઇશ્વર બ્રહ્મચારી  તું કુંવારી દેહસંબંધથી પાર છે.
અનંતપુ   માનવનાં નમન વારંવાર છે....

ભારત માતા કી જય ........

## જી.એમ.ડી.સી લિગ્નાઈટ પ્રોજેક્ટ પાન્ધ્રો ખાતે
## ૩૧ જાન્યુઆરી - ૨૦૧૭ ના રોજ વયનિવૃત થતા કર્મચારીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી આર.જે. ઠાકોર | મદદનીશ ઈન્જેનર |
| ૨. | શ્રી સુરેશ માર્ટીન સ્ટીવન | માઈન્સ મેટ |
| ૩. | શ્રી એ.વી. ગુર્જર | ઓટો ઈલેક્ટ્રીસીયન |
| ૪. | શ્રી પી.એ. ત્રાજકર | મીકેનીક |
| ૫. | શ્રી ડાયા ભીમા જેઠવા | એચ.વી.ડી |
| ૬. | શ્રી નાનજી જુમા | એમ.આર.ડબલ્યુ. |